RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 120, Dt.30-07-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# મોરબીના ઉત્પાદન એકમને પાંચ વર્ષનું વીજ પરીક્ષણ સર્ટી કાઢી ન આપનાર ગાંધીનગર કલેક્ટર ઓફ ઈલેકટ્રીસીટી ડ્યુટીને ગ્રાહક અદાલતની લપડાક

## ઉત્પાદન એકમને પાંચ વર્ષનું વીજ પરીક્ષણ સર્ટી તથા રાજકોટ પીજીવીસીએલ વિભાગને ૨.૩૮ લાખ ચૂકવવા ગ્રાહક અદાલતનો આદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લી.ઓ.ઓટોપેક ઉત્પાદન એકમ દ્વારા તમામ જરૂરી દસ્તાવેજી પુરાવા આપવા છતા ગાંધીનગર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી દ્વારા ઉત્પાદન એકમને પાંચ વર્ષનું વીજ પરીક્ષણ સર્ટી આપવામાં આનાકાની કર્યાનો કેસ મોરબી ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ચાલી જતા ઉત્પાદન એકમને પાંચ વર્ષનું વીજ પરીક્ષણ સર્ટી તેમજ રાજકોટ પીજીવીસીએલને રૂ.૨.૩૮ લાખ ૯ ટકાના વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક અદાલત દ્વારા આદેશ ફરમાવવામાં આવ્યો છે.



કેસની પ્રાપ્ત ટુક વિગત મુજબ લી.ઓ.ઓટોપેકના માલીક મયુરભાઈ સવસાણી તથા અન્ય ભાગીદારોના એકમનું કલેકટર ઓફ ઇલેક્ટ્રીક સીટી ગાંધીનગરએ પાંચ વર્ષનું એકઝામીનેશન સર્ટીફીકટ ઇસ્યુ કરેલ નહીં. જ્યારે લી.ઓ.ઓટોપેક દ્વારા તમામ કાગળો સમયસર રજુ કરી ઇડી એકઝામીનેશનની અરજી કરવામાં આવી હોવા છતા ગાંધીનગર કલેકટર ઓફ ઇલેક્ટ્રીક સીટીએ એવું કારણ આપેલ કે આપનુ આ એકાઉન્ટ પ્રથમ ઉત્પાદીત એકમ ના હોય વિધુત સુલ્ક અધિનિયમની જોગવાઈ મુજબ નવા ઔદ્યોગિક એકમોને માફી મળવાપાત્ર નથી તેવું કારણ બતાવીને અરજી દફતરે ફાઇલ કરી નાખેલ. જેથી લી.ઓ. ઓટોપેક એકમે પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં બીલ થયું તેની ચુકવણી કરવી પડી ત્યારે ગ્રાહકને થયેલ અન્યાય બાબતે મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા ધ્વારા ગ્રાહક તકરાર નિવારણ આયોગમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. તમામ દસ્તાવેજી પુરાવાને અંતે ગ્રાહક અદાલતે ચુકાદો આપતા આદેશ ફરમાવ્યો કે કલેકટર ઓફ ઇલેક્ટ્રીક સીટી ડયુટી ગાંધીનગરએ લી.ઓ.ઓટોપેકને પાંચ વર્ષનું એકઝામીનેશન સર્ટી આપવું અને પશ્ચિમ વિજ ગુજરાત કંપની રાજકોટને રૂા. ૨,૩૦,૬૭૫/-અને અન્ય ખર્ચના ૮૦૦૦/- એમ કુલ રૂ. ૨,૩૮,૬૭૫/- - તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૩ થી ૯ ટકાના વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કરેલ હતો.

# વાંકાનેરના જોધપર ગામ નજીક પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી દેશીદારૂ ભરેલ કાર સાથે ત્રણને ઝડપ્યા

## પોલીસના વાહનને ટક્કર મારી નાસી ગયેલ કારનો ફિલ્મીઢબે પીછો કરી લાખોનો મુદ્દામાલ ઝડપી લેવાયોઃ કાર ચાલક નાસી ગયો, જ્યારે માલ મંગાવનારનું નામ ખુલતા પાંચ સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, મોરબી**









વાંકાનેર તાલુકા પોલીસ ટીમે દેશીદારૂ ભરેલ એસેન્ટ કારનો પીછો કરી જાલીડા ગામની નિશાળના પાછળના ભાગેથી કારને ઝડપી લઈ કારમાં સવાર બાળકિશોર આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક બ્રેઝા કાર કે જે દેશી દારૂ ભરેલ કારનું પાયલોટિંગ કરતી હોય તેમાં સવાર બે આરોપી સહિત ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. દારૂ ભરેલ એસેન્ટ કારનો ચાલક નાસી ગયો હતો જ્યારે પકડાયેલ આરોપીઓની પ્રાથમિક પૂછતાછમાં માલ મંગાવનાર આરોપીના મોબાઇલ નંબર ઉપરથી નામ ખુલતા કુલ બે આરોપીને ફરાર દર્શાવી પાંચ આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો. આ સાથે પોલીસે ૫૫૦ લીટર દેશી દારૂનો જથ્થો, એસેન્ટ કાર, બ્રેઝા કાર મોબાઇલ સહિત ૧૨.૨૪લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના કોઠી ગામે દેશી દારૂની હેરફેર કરનાર કાર તથા તેનું પાયલોટિંગ કરતી કાર નીકળવાની હોવાની પૂર્વ બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા ખાનગી વાહનમાં વોચમાં હોય તે દરમ્યાન દેશી દારૂ ભરેલ કારનું પાયલોટિંગ કરનાર મારુતિ સૂઝુકી બ્રેઝા કાર રજી.નં. જીજે-૩૬-એજે-૯૪૨૧ માં સવાર બે શખ્સો અજયભાઇ જાદવભાઇ મેર ઉવ.૨૩ રહે.નાળીયેરી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર તથા હર્ષદભાઇ અનકભાઇ ધાંધલ ઉવ.૩૪ રહે.જાનીવડલા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગરને પકડી પાડવામાં આવ્યા હતા. તેની પાછળ દેશી દારૂ ભરીને આવતી હ્યુન્ડાઇ એસેન્ટ કાર રજી.નં.જીજે-૦૩-કેપી-૦૯૫૯ને રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ એસેન્ટના ચાલક દ્વારા પોલીસના ખાનગી વાહનને ટક્કર મારી સ્થળ ઉપરથી ભાગી જતા તેનો ખાનગી વાહનથી પીછો કરી જોધપુર ગામની નિશાળ પાછળથી ૫૫૦ લીટર દેશી દારૂ ભરેલી કાર સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકિશોર આરોપી અલ્પેશભાઇ સુરેશભાઇ ઝાપડીયા રહે.નાળીયેરી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગરને ઝડપી લેવામાં આવ્યો હતો . જ્યારે એસેન્ટ કારનો ચાલક આરોપી કીશન ભીખુરામ વાઘાણી રહે હાલ-રાજકોટ મુળ ગામ-ગારીડા તા.જી.રાજકોટવાળો કાર રેઢી મૂકીને નાસી ગયો હતો. હાલ પોલીસે એસેન્ટ કાર, બ્રેઝા કાર, દેશી દારૂનો જથ્થો તથા ૪ નંગ મોબાઇલ સહિત ૧૨.૨૪લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી એક બાળકિશોર સહિત ત્રણ આરોપીઓની અટક કરી છે. ત્યારે પકડાયેલ આરોપીઓની સઘન પૂછપરછમાં દેશી દારૂ મંગાવનાર આરોપીના મોબાઇલ નંબર ખુલવા પામતા મોબાઇલ નંબર આધારે આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

# જામનગરના સેનાનગરમાં રહેતા એરફોર્સના નિવૃત્ત કર્મચારીના રહેણાંક મકાનને નિશાન બનાવતા તસ્કરો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સેનાનગર વિસ્તારમાં રહેતા એરફોર્સના નિવૃત્ત કર્મચારીના રહેલા મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું. બારીની દિવાલ તોડી અંદર પ્રવેશી મકાનમાંથી રૂપિયા ૭૬,૦૦૦ ની કિંમતના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના ઢીંચડા રોડ પર સેના નગરમાં રહેતા અને એરફોર્સના નિવૃત કર્મચારી હરેન્દ્ર અયોધ્યારાય નામના ૬૧ વર્ષ ના વિપ્ર બુઝુર્ગ, જે ઓએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં પોતાના ઘરમાંથી રૂપિયા ૭૬,૦૦૦ ની કિંમતના સોના ચાંદીના દાગીના ની ચોરી થઈ ગયા ની ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર તસ્કરો એ મકાનની સાઈડની દિવાલ તોડી નાખી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને સોના ચાંદીના ઘરેણાંની ઉઠાંતરી કરી ગયા હોવાથી મામલાને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, જે તસ્કરોને પોલીસ શોધી રહી છે.

# હળવદના ઈશ્વરનગર ગામમાં પત્તા ટીચતા ૬ જુગારીને હળવદ પોલીસે દબોચ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૬ શખ્સોને હળવદ પોલીસે પકડી લીધેલ છે. પોલીસે સ્થળ ઉપરથી રોકડ રકમ રૂ.૧૫,૯૦૦/- કબ્જે લઈ તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.



હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પો.હેડ.કોન્સ. વિપુલભાઈ સુરેશભાઈ ભદ્રાડીયા તથા પો.કોન્સ. દેવેંન્દ્રસિંહ દેવપાલસિંહ ઝાલાને મળેલ બાતમીને આધારે ઈશ્વરનગર ગામે દરોડો પાડતા તળાવની પાળ ઉપર જાહેરમાં જુગાર રમી રહેલા ધર્મેન્દ્રભાઈ મોહનભાઈ જાલરીયા ઉવ.૪૮, જગદીશભાઈ માવજીભાઈ ચડાસણીયા ઉવ.૫૦, લાલજીભાઈ પ્રેમજીભાઈ પટેલ ઉવ.૫૪, વિનોદભાઈ કરશનભાઈ રૂપાલા ઉવ.૫૫, પરસોતમભાઈ મગનભાઈ વિડજા ઉવ.૪૦, કાંતિલાલ કેશવજીભાઈ કાલરીયા ઉવ.૪૫ તમામ રહે.ઈશ્વરનગર તા.હળવદને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારે પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડ રકમ રૂ.૧૫.૯૦૦/- તથા જુગાર રમવાના સાહિત્ય સાથે તમામ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં જુગારધારા કલમ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

# અલિયાબાડા નવોદય વિદ્યાલય ખાતે હોમગાર્ડઝ દળ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અલિયાબાડા હોમગાર્ડઝ દળ દ્વારા નવોદય વિદ્યાલય અલિયાબાડાના પટ્ટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એક પેડ માં કે નામ સૂત્રને સાર્થક કરવાના હેતુથી વૃક્ષારોપણનો કાર્યક્રમ કમાન્ડિંગ ઓફિસર નરેન્દ્રસિંહ બી જાડેજાની રાહબારી હેઠળ અને જિલ્લા કમાન્ડન્ટ સરવૈયાની પ્રેરણાથી યોજવામાં આવ્યો હતો. જેમાં નવોદયના પ્રિન્સિપાલ સીઝ, શિક્ષકો, જિલ્લા હોમગાર્ડઝ કચેરીના હેડ કલાર્ક મહેન્દ્રસિંહ, પશુપાલન વિભાગ માંથી વેજાભાઈ, ગુજરાત આયુર્વેદ હોસ્પિટલ - ITRA જામનગરના ડો.નિલેશ ભટ્ટ વગેરેના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# માળિયા (મિ)ના મોટી બરાર ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ ખુલ્લો મૂકતા પૂર્વ મંત્રી બ્રીજેશભાઈ મેરજા

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજકોટ જિલ્લા સહકારી બેંકના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી વિઠ્ઠલભાઈ રાદડિયા ની પુણ્યતિથિ નિમિત્તે માળિયા તાલુકાના મોટીબરાર ગામે તેમજ મોરબી માર્કેટિંગ યાર્ડમાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં મોરબીના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી બ્રિજેશ મેરજાએ ખાસ ઉપસ્થિત રહી સહકારી પરિવાર દ્વારા યોજાયેલ આ માનવતાના કાર્યને બિરદાવ્યું હતું. તેમજ રક્તદાતાઓ દ્વારા કરાયેલ રકતદાન અન્વયે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મોરબી માર્કેટ યાર્ડમાં શ્રી મગનભાઈ વડાવિયા, તાલુકા સંઘના પ્રમુખ શ્રી બળવંતભાઈ, માળિયા તાલુકાના મોટી






બરાર ગામે મોડેલ શાળામાં યોજાયેલ આ રક્તદાન કેમ્પ બ્રિજેશ મેરજા એ ખુલ્લો મુક્યો હતો, જેમાં માળિયા તાલુકાના મુખ્ય આગેવાનો જેવા કે બેંકના ડિરેક્ટર વિડજાભાઈ,તાલુકા સંઘના પ્રમુખ મનહરભાઈ, બાબુભાઈ, તાલુકા પંચાયત સભ્ય ચંદુભાઈ લાવડીયા શ્રી દિનેશ તથા બાબુભાઈ ડાંગર વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ,રક્તદાન પ્રવૃત્તિને દીપાવી હતી. પંચવટી ગામના યુવાન નિલેશભાઈ દ્વારા ૭૦ થી વધુ વખત કરવામાં આવેલ રક્તદાન બદલ બ્રિજેશ મેરજા દ્વારા તેમનું ખાસ બહુમાન કરવામાં આવ્યું હતું.

# રાજુલા સેવા મંડળ અને પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામા આવ્યુ

**મુખ્ય સમાચાર, રાજુલા**

ગ્રીન રાજુલા કલીન રાજુલા અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયુ જેમા વિવિધ સ્કૂલમાથી ૬૨ જેટલા વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમના આયોજક બીપીનભાઈ લહેરી તેમજ કિશોરભાઈ મહેતા દ્વારા વિદ્યાર્થીઓને ઇનામ તેમજ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા તેમજ જે એમ વાઘ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામા આવેલ અને આયોજનને સફળ બનાવવા માટે ગ્રીન કંમાન્ડો વિપુલભાઈ લહેરી તેમજ તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી આ ઉપરાંત રાજુલાના આમંત્રિત મહેમાનો મહેન્દ્રભાઈ ધાખડા,ચેતનભાઇ ઠાકર,યુવરાજભાઈ ચાંદુ,લાખાણીભાઈ દ્વારા બાળકોને ગીફ્ટ આપી હતી અને મનુભાઈ



વડલીવાળા,પ્રવિણભાઈ જાની વગેરે મહેમાનો આ કાર્યક્રમમા ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી તેમજ ધોરણ ૯ થી ૧૦ અ વિભાગમાં પ્રથમ નંબરે બાટીયા દર્શિલ બીજા નંબરે બાંભણિયા નંદની અને ત્રીજા નંબરે તેરૈયા પ્રાર્થના એસ. આવ્યા હતા તેમજ ધોરણ ૧૧ થી ૧૨ વિભાગ બ માં પ્રથમ નંબરે ગુજરીયા રોહિત બીજા નંબરે ગોસાઈ જયદીપ અને ત્રીજા નંબરે ખુમાણ રાજશ્રીબેન મહેશભાઈ આવ્યા હતા કાર્યક્રમના આમંત્રણને માન આપીને નિર્ણાયક તરીકે બહારથી આવેલા અમિતભાઈ જોશી,એમ વી ગોહિલ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમનું સંચાલન ચાંદોરા અને સંકલન એચ એન જાદવ અને આભારવિધી વિપુલભાઈ લહેરી દ્વારા કરવામાં આવી હતી

# એલસીબી ઝોન-૨માંથી છ સહિત ૨૫ પોલીસ જવાનોની અરસ પરસ બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસબેડામાં ઘણાસમયથી આંતરિક વિરામ બાદ પોલીસ કમિશનર દ્વારા એલસીબી ઝોન-૨માં વર્ષોથી કાર્યરત છ જવાનો સહિત ૨૫ પોલીસમેનની આંતરીક બદલી કરી દેવામાં આવી છે. જેમાં એલસીબી ઝોન-૨માં ફરજ બજાવતા વિરેન્દ્રસિંહ દશરથસિંહ ઝાલાને ગાંધીગ્રામ-૨માં તેમજ હરપાલસિંહ જશુભા જાડેજાને તાલુકામાં,જેંતીગીરી રેવતીગરી ગોસ્વામીને એ.ડિવિઝનમાં અમીનભાઈ ગુલાબભાઈ ભલુરને ગાંધીગામમાં,જયપાલસિંહ ટ્રાફિક હરપાલસિંહ સરવૈયાની તાલુકામાં, મનીષભાઈ રાયધનભાઈ સોઢીયાની માલવીયાનગરમાં, તેમજ જયંતિભાઈ વિઠ્ઠલભાઈ ગોહિલની મુખ્ય મથકમાંથી એલસીબી ઝોન- ૨, રાજેશભાઈ નાગદાનભાઈ મીયાત્રાની ગાંધીગ્રામ-૨માંથી એલસીબી ઝોન-૨,શકિતસિંહ વિરેન્દ્રસિંહ ગોહિલની ગાંધીગ્રામમાંથી એલસીબી ઝોન-૨,તથા હેમેન્દ્રભાઈ જયંતિલાલ વાઘિયાની માલવીયાનગરમાંથી એલસીબી ઝોન ૨,કુલદિપસિંહ સહદેવસિંહ રાણાની ગાંધીગ્રામમાંથી એલસીબી ઝોન-૨,માં બદલી કરાઈ છે.તથા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજ બજાવતા શીલ્પાબેન રાજેશભાઈની ટ્રાફિકશાખામાં,યુનિ. પોલીસ મથકના ફતેસિંહ વાલજીભાઈની કંટ્રોલરૂમમાં, ગાયત્રીબા તખુભાની તાલુકામાંથી બી ડિવિઝનમાં જયારે શાખામાં ફરજ બજાવતાં ભાવેશભાઈ મુળજીભાઈની કુવાડવા રોડ પોલીસ મથકમાં, રેખાબેન હરજીભાઈની કુવાડવા રોડ પોલીસ મથકમાં, મનીષભાઈ હેમાભાઈની આજીડેમ પોલીસ મથકમાં,પૃથ્વીરાજસિંહ ગુમાનસિંહની ગાંધીગ્રામ પોલીસમાં, મયુરસિંહ ધનશ્યામસિંહની ટ્રાફિકશાખામાંથી તાલુકામાં,તેમજ અમૃતભાઈ ગલાભાઈની ટ્રાફિક શાખામાંથી પેરોલફર્લો સ્કવોડમાં તથા ઉમેશકુમાર સાદુરભાઈની કંટ્રોલરૂમમાંથી યુનિવર્સિટી પોલીસ મથકમાં,તેમજ હિતેશભાઈ હરીશભાઈની મુખ્ય મથકમાંથી થોરાળા પોલીસ સ્ટેશનમાં,જયારે બીપીનભાઈ સવજીભાઈની મુખ્ય મથકમાંથી કંટ્રોલરૂમમાં, કાજલબેન ધીરૂભાઈની મુખ્ય મથકમાંથી ટ્રાફિકશાખામાં,તેમજ દિવિજયસિંહ પ્રધ્યુમનસિંહની ટ્રાફિકશાખામાંથી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ છે. બદલી કરાયેલા તમામ કર્મીઓને હાલની ફરજ પરથી મુકત કરી તાત્કાલિક બદલી કરાયેલ પોલીસ સ્ટેશનમાં હાજર થવા હુકમ કરાયો છે.

# ૧.૬૭ કરોડના રૂ.૩.૮૧ કરોડ ચૂક્વી દીધા છતાં વ્યાજખોરોએ વેપારીને આપી ધમકી

## જામનગર અને રાજકોટના પાંચ વ્યાજખોરોએ ફોરવ્હીલ કાર જબરજસ્તીથી પડાવી લઈ બેંકના કોરા ચેકોમાં સહી કરાવી લેતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

૧૫૦ ફુટ રીંગ રોડ પર ટેલીફોન એક્સચેન્જ પાછળ હરીનગરમાં રહેતા પટેલ વેપારીએ વ્યાજે લીધેલા ૧.૬૭ કરોડના રૂ.૩.૮૧ કરોડ ચૂક્વી દીધા છતાં રાજકોટ અને જામનગરના પાંચ વ્યાજખોરોએ વધુ નાણાં પડાવવા ધમકી આપતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ ધોરાજીના વતની અને હાલ રાજકોટમાં હરીનગર ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતા શ્યામભાઈ દિનેશભાઈ ભુત નામના પટેલ વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં દિપક કિરીટ ટીલવા, પિયુષ ભગવાન ફળદુ, ભરત હરી જાગાણી, જામનગરનો અનિરુધસિંહ સજુભા જાડેજા, રાજકોટનો જયદિપસિંહ ગજેનસિંહ વાઘેલા સહિત પાંચ શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ વેપારીએ આ વ્યાજખોરો પાસેથી રૂ.૧.૬૭ કરોડ ૩ ટકા અને ૫ ટકાના ઉંચા દરે લીધા હતા. વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી વ્યાજ સહિત રૂ.૩.૮૧ કરોડ વસૂલ કરી લીધા હોય છતાં વધુ નાણાં પડાવવા બળજબરીથી ફોરવ્હીલ કાર પડાવી લીધી હોય અને બેંકના કોળા ચેકમાં સહી કરાવી પડાવી લીધા હોય અને જાનથી મારી નાખવાની ધમકી આપતા વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેના પગલે પીએસઆઈ વી.એન.બોદરે તપાસ હાથ ધરી છે.

# પીપળીયા ગામે પકડાયેલી નકલી સ્કૂલ મામલે ૨૫ દિવસ બાદ સંચાલિકા ગામે ગુનો નોંધાયો

## DPEO-TPEOની ટીમે ૨૮૨ પાનાનું મટિરિયલ્સ પોલીસને આપ્યુઃ બાળકોને અન્ય શાળાઓમાંથી પરીક્ષા દેવડાવી, અનેક ખાનગી શાળાના પ્રમાણપત્ર મળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા પીપળીયા ગામમાં ગતા તા.૫મી જૂલાઇ ના રોજ શિક્ષણ માન્યતા વગર ધમધમતી ગૌરી પ્રાઇમરી ડમી સ્કૂલ ઝડપાઇ હતી. જેમાં ઉડઊઘ-ઝડઊઘની ટીમ દ્વારા ૨૮૨ પાનાનું મટિરિયલ્સ તૈયાર કરી પોલીસ મથકે આપતા આખરે ૨૫ દિવસ બાદ ડમી સ્કૂલની સંચાલિકા સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં છેતરપીંડીનો ગુનો નોંધાયો છે.




ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિમલભાઈ રમેશભાઈ ઉધાસે કુવાડવા પોલીસ મથકમાં ગૌરી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના આચાર્ય સંચાલીકા કાત્યાનીબેન તિવારી સામે છેંતરપીડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં ફરિયાદમાં જણાવ્યા મુજબ ગતા તા.૪ના રોજ રૂકસાનાબેન શકીલભાઈ ઘેલાએ ઝડઊઘને પોતાના બાળકને અન્ય શાળામાં પ્રવેશ લેવડાવવા માટે ગૌરી સ્કૂલમાંથી એલ.સી. કાઢી ન આપતા હોવાની ફરિયાદ કરી હતી. તેના પગલે ઝડઊઘએ તપાસ કરતા ગૌરી શાળામાં કોઈ શિક્ષણ વિભાગની માન્યતા ન હોવાથી શાળાને સીલ કરવામાં આવી હતી. ચાર દુકાનોમાં ચાલતી આ ડમી સ્કૂલમાં તપાસ કરતા તેમાંથી ૩૩ બાળકો અભ્યાસ કરતા મળી આવ્યા હતા. તે ઉપરાંત ડમી સ્કૂલમાંથી નક્ષત્ર સ્કૂલના ૬ ક્ઈ, રામકૃષ્ણ પ્રાથમિક શાળાના પ્રગતિ પત્રક, ૮૦ ફુટ રોડ પરની અક્ષર સ્કૂલની માર્કશીટ, વિદ્યાર્થીઓના પાસપોર્ટ સાઈ ઝના ફોટા મળી આવ્યા હતા. તેમજ આ સંચાલિકાએ જે-તે સમયે ૩૩ બાળકોના ક્ઈ પાંચ દિવસમાં આપી દેવાની બાંહેધરી આપી હતી. તેમજ સ્કૂલ ફી ભર્યાની નકલી પહોંચો સહિતના પૂરાવા મળી આવ્યા હતા. ધો-૧૦ના છાત્રો સાથે વાતચીત કર્યા બાદ જાણવા મળ્યા મુજબ ત્રણ વિદ્યાર્થીઓની પરીક્ષા એમ. બી.પટેલ વિદ્યાલય એન્ડ રામદેવ વિદ્યાલય સી.ઓ. પી.બી. પટેલ સ્કૂલ આપવામાં આવી હતી. તો અન્ય બે વિદ્યાર્થીઓનો ધો-૧૦માં પેડક રોડ પરની નવોદિત વિદ્યાલય ખાતે અભ્યાસ અને હાજરી ગૌરી સ્કૂલ ખાતે પૂરવામાં આવતી હોવાનું સાબિત થયુ હતું. તેમ છતાં હાલ પોલીસ દ્વારા માત્ર સંચાલિકા સામે છેતરપીંડીનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# પુત્રવધુએ ફલેટ પચાવી પાડતા સાસુએ નોંધાવી લેન્ડગ્રેબિંગની ફરિયાદ

## અંબિકા ટાઉનશીપમાં ફ્લેટનો બે વર્ષથી પુત્રવધુએ કબ્જો જમાવ્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ આફ્રિકા કોલોનીમાં રહેતા ગુણવંતીબેન ચમનલાલ પટેલ ઉ.૬૯ નામના વૃધ્ધાએ તેના પૂત્રવધુ પ્રીતીબેનગાંડુભાઈ ગજેરા અને પરેશભાઈ પટેલ સામે ફ્લેટમાં બે વર્ષથી કબજો કરી લેવા અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે મવડી સર્વે નંબર ૨૦૦ પૈકીની અંબિકા ટાઉનશીપમાં ઇશાન ફ્લેટ્સમાં ૧૦૩ નંબરનો ફ્લેટ ૨૦૧૫માં ખરીદ કર્યો હતો મારા પૂત્ર પરેશના લગ્ન ૨૦૧૧માં થયા હતા લગ્ન બાદ પ્રીતીબેન મારા તથા પૂત્ર સથે ખોટી રીતે ઝઘડાઓ કરી ત્રાસ આપો અમારા વિરુદ્ધ ખોટા કેસો કરી માવતરે જતા રહેલ હતા કોર્ટમાં વિવાદ ચાલતો હોય પૂત્ર અને પૂત્રવધુનો સંસાર સારી રીતે ચાલે તે માટે રહેવાની શરતે સમાધાન થયું હતુ બાદમાં બંને ૧૬ ઓગષ્ટ જુદા ૨૦૨૧ના ઉપરોક્ત મારા ફ્લેટમાં રહેવા ગયા હતા પરંતુ પ્રીતીબેનએ બે માસમાં પૂત્ર સાથે પણ ઝઘડા કરી દુઃખત્રાસ આપી ધમકી મારી કાઢી મુક્યો હતો અને ૧૯.૧૬ લાખની કિંમતનો ફ્લેટ પચાવી પાડયો હતો અમને પણ પ્રવેશવા દેતા ન હોવાથી અરજી કર્યા બાદ ગુનો નોંધાતા પીએસઆઈ પી બી ત્રાજીયા સહિતના સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જેતપુરના ગુંદાળા અને ધોરાજીના ઝાંઝમેર ગામે પાણીમાં ડુબી જતા બે બાળકોના મોત

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી વિસ્તારમાં નજીક આવેલા બે અલગ અલગ ગામોમાં પાણીમાં ડૂબી જવાને કારણે પરપ્રાંતીય મજૂરોના બે બાળકોના મોતની કરુણ ઘટના બનવા પામી હતી.

ધોરાજી નજીક અને જેતપુર તાલુકાના ગુંદાળા ગામે મજૂરી કરવા આવેલ પરપ્રાંતીય પરિવારના બે વર્ષીય બાળક અશ્વિન જીતેનભાઈ ડામોર પાણીની ટાંકીમાં કોઈ કારણોસર પડી જતા ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. ધોરાજી તાલુકાના ઝાંઝમેર ગામે મજૂરી કામે આવેલા બળવંતભાઈ ભવરી ના દોઢ વર્ષના પુત્ર યોગેશ નું ઝાંઝમેર ગામે પાણીના ખાડામાં પડી જવાથી ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું બંને બાળકોને ૧૦૮ દ્વારા નજીકની ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાહતા અને જ્યાં ફરજ પરના ડોક્ટરોએ બંને બાળકોને મૃત જાહેર કર્યા હતા એક જ દિવસે બે અલગ અલગ પરિવારના બંને દીકરાઓના ડૂબી જવાના કારણે મોત નીપજવાની ઘટનાથી અરેરાટી વ્યાપી જવા પામી છે.

# બહુચર્ચિત ભાસ્કર-પરેશ અપહરણ કેસમાં વધુ પાંચ સાહેદો હોસ્ટાઈલ થયા

## અપહરણ કેસમાં અઠવાડિયામાં બે દિવસ સુનાવણી હાથ ધરી ૧૫૦થી વધુ સાહેદોના નિવેદન નોંધાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વર્ષ ૨૦૦૦માં જીમખાના રોડ પરથી રાત્રિના ત્રણ વાગ્યે વેપારી ભાસ્કર પ્રભુદાસ પારેખ તેમજ પરેશ લીલાધર શાહનું અપહરણ થયું હતું.જે કેસમાં ૨૪ વર્ષ બાદ કોર્ટ ચાર્જ ફ્રેમ કરતા આ કેસ ચાલવા પર આવ્યો હતો.જે કેસમાં ફરિયાદી અગાઉ જ હોસ્ટાઈલ થઈ ગયા હતા. જે બાદ આ કેસમાં તપાસ અધિકારીઓના પણ નિવેદન નોંધવામાં આવ્યા હતા ૧ જુલાઈના રોજ આ કેસની ચાર્જફ્રેમ થતાં ફરિયાદી, સાહેદોના નિવેદન બાદ તત્કાલીન ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. બરંડા અને પી.એસ.આઈ.બકુલ જાની પણ આરોપીઓને ઓળખવામાં અસમર્થ રહેતા હોસ્ટાઈલ થયા હતા.જે બાદ ગઈકાલે સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં પ્રકાશ તન્ના, સંદીપ પારેખ, એજય પોપટ, મલય પટ્ટણી, કેતન રાંક નામના સહેદો ના નિવેદન લેવામાં આવ્યા હતા. તમામ તમામ સહેદોએ કોર્ટમાં જણાવાયુ હતું કે પોલીસે લખાણમાં સહી તો કરાવી હતી પણ તે શું હતું તે યાદ નથી જેથી પાંચેય સાહેદો હોસ્ટાઈલ થયા હતા. જ્યારે સૂત્રો પાસેથી જાણવા મળ્યા અનુસાર હવે આ કેસના તમામ એટલે કે ૧૫૦થી વધુ સાહેદોનું નિવેદન રેકર્ડ પર લેવામાં આવશે અને અઠવાડિયામાં બે દિવસ સુનાવણી હાથ ધરવામાં આવશે.

# એકતા સોસાયટી પાસે ત્યજી દેવાયેલ મૃતક બાળકીનો મૃતદેહ મળ્યો

## પોલીસે અજાણી સ્ત્રી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર એકતા સોસાયટીમાંથી ત્યજી દેવાયેલી તાજી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ બાળકીને ત્યજી દેનાર માતાની શોધખોળ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર એકતા સોસાયટીમાં જલારામ હોટલ પાસે બંધ પડેલા અવાવરૂ મકાનની ગેલેરીમાં ગોદડીમાં વીંટાયેલી તાજી જન્મેલી બાળકી પડી હોવાની જાણ થતા સ્થાનિકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ઈએમટી દિવ્યાબેન બારડે દોડી જઈ તપાસી બાળકીને મૃત જાહેર કરી પોલીસને જાણ કરી હતી.

ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ યુ.આર. ભટ્ટે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃત બાળકી બે દિવસની હોય કોઈ અજાણી મહિલાએ જન્મ આપ્યા બાદ ત્યજી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસે તાજી જન્મેલી બાળકીને ત્યજી દેનાર માતાની શોધખોળ હાથ ધરી છે.

# ગીર સોમનાથના ઈતિહાસમાં પહેલીવાર દુષ્કર્મના આરોપીને ફાંસીની સજા

## કોડીનારની કોર્ટે આપ્યો ઐતિહાસિક ચુકાદોઃ આરોપીએ બે વર્ષ પહેલાં ૮ માસની બાળકી સાથે દુષ્કર્મ ગુજારી તેની હત્યા કરી હતી



**મુખ્ય સમાચાર, કોડીનાર**

કોડીનાર પંથકની માસૂમ બાળા ઉપર દુષ્કર્મ આચરી હત્યા કરનાર આરોપીને કોડીનાર કોર્ટે ફાંસીની સજા ફટકારતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. બે વર્ષ પહેલાંની ઘટનામાં એસપી જાડેજાએ સીટની રચના કરી ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના એક ગામે આજથી બે વર્ષ પહેલાં પોક્સો અંગેનો ગુનો નોંધાયો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતાં આરોપીને તકસીરવાન ઠરાવી દેહાતદંડ-ફાંસીની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફરમાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથના ઇતિહાસમાં પ્રથમ વખત કોઈ આરોપીને ફાંસીની સજા ફટકારવામાં આવી છે.

આ કેસની વિગતો આપતાં જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ જણાવ્યું હતું કે, કોડીનાર તાલુકાના એક ગામે આજથી બે વર્ષ પહેલાં આરોપીએ ભોગ બનનાર મરણ જનાર (ઉ.વ.૮)ની માસૂમ બાળકી ઉપર દુષ્કર્મ કરી મોત નિપજાવી લાશને બાચકામાં ભરી અવાવરું જગ્યાએ મૂકી દીધી હતી. તે અંગે ગુનો નોંધાતા આ બનાવની ગંભીરતાને લઇ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ તપાસ માટે SITની રચના કરી હતી.

જેમાં એએસપી ઓમપ્રકાશ જાટ, સંદીપસિંહ ચુડાસમા, પી.આઇ અશોક મકવાણા સહિતનાએ ખૂબ જ ટૂંકા સમયમાં માત્ર ૨૫ દિવસમાં આરોપીની ઓળખ કરી આરોપી વિરુદ્ધ વૈજ્ઞાનિક તેમજ અન્ય પુરાવા મેળવી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કરતાં કોડીનાર એડી. ડ્રિસ્ટ્રિક એન્ડ સેસન્સ.જજ સમક્ષ આ કેસ ચાલ્યો હતો. જેમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલને સ્પે.પી.પી તરીકે કેતનસિંહ વાળાને પ્રોસિક્યુશન કેસ ચલાવવા ગ્રહમંત્રી હર્ષ સંઘવી, કાયદા મંત્રી અને ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનએ આદેશ કર્યો હતો.

આ પોક્સો કેસમાં કુલ ૫૫ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા અને ફરિયાદ પક્ષે સાહેદોમાં ભોગ બનનારનાં પરિવારજનો, પાડોશી, સહ અધિયાયી અને પોલીસ તેમજ FSLના અધિકારીઓને તપાસે લીધા હતા. જે તમામ દસ્તાવેજી પુરાવા અને તેને સમર્થનમાં આપાયેલ સાક્ષીની હકીકત લક્ષમાં લઇ આજરોજ કોડીનાર એડી.ડ્રિસ્ટ્રિક એન્ડ સેસન્સ જજ એસ.આઇ.ભોરાણિયાએ આરોપી શામજી ભીમા સોલંકી (ઉં.વ.૩૦)ને તકસીરવાન ઠરાવી દેહાતદંડ-ફાંસીની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફરમાવ્યો છે.

આરોપીને સજા મળે એ માટે જૂનાગઢ જિલ્લા પોલીસ તંત્રએ પુરાવા મેળવવા એસ.પી. જાડેજાના માર્ગદર્શનતળે વૈજ્ઞાનિક ઢબે એફ.એસ.એલ. અને અન્ય પરીક્ષણ અહેવાલો તપાસ કર્યા હતા. જે દરમિયાન પોલીસની કામગીરીને લીધે નામદાર કોર્ટમાં સમગ્ર કેસ પુરવાર કરવામાં આવ્યો હતો. આ બનાવ બાબતે ગ્રહમંત્રી અને કાયદામંત્રી નાના અને છેવાડાના ગામની માસૂમ બાળકોને ન્યાય મળે તે માટે સતત ચિંતિત હતા. અંતે નામદાર કોર્ટ ન્યાયનું શાસન દેશમાં પ્રવર્તે છે તે બતાવી આપ્યું છે. ભોગ બનનાર બાળકોનાં પરિવારજનોને વળતર લાભ આપવાની રજૂઆત પણ નામદાર અદાલતે ગ્રાહ્ય રાખી હતી.

રાજ્યમાં બાળકીઓ પર થતાં દુષ્કર્મ અને હત્યા જેવા ગુનાઓ પર સદંતર અંકુશ લાવવા આવા નરાધમ તત્ત્વો સામે ખૂબ જ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરી કડકમાં કડક સજા કરાવવા સરકારની સૂચનાથી ગૃહ રાજ્ય મંત્રીએ આવા કેસોમાં ગુજરાત પોલીસને સઘન કાર્યવાહી કરવા આદેશો આપ્યા છે. એટલું જ નહિ, આ પ્રકારના ગંભીર અને સંવેદનશીલ કેસમાં બારીકાઈથી તપાસ હાથ ધરી તમામ આનુષંગિક વૈજ્ઞાનિક અને સાંયોગિક પુરાવાઓ એકત્ર કરી દોષિતોને ફાંસી સુધીની સજા થાય તેવું ઇન્વેસ્ટિગેશન કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

ત્યારે તા.૧૨મી જૂન ૨૦૨૨ના રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની ૮ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરી દેનાર એક નરાધમને ફાંસીની સજા થવા પામી છે. આ પ્રકારની કડક કાર્યવાહી થકી, ગુનાહિત માનસિકતા ધરાવતાં તત્ત્વો સામે રાજ્ય સરકારે આવા નરાધમોને ચેતવણીનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. આ કેસ નામદાર કોર્ટમાં ચાલી જતાં નરાધમને ફાંસીની સજા ફરમાવી છે. એટલું જ નહિ, બાળકીના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવા આરોપીને આદેશ કર્યા છે. દુષ્કર્મ આચરનાર નરાધમને મળેલી કડક એવી ફાંસીની સજાથી માસૂમ દીકરીના પરિવાર અને સાધુ સમાજની દીકરીને ન્યાય મળ્યો છે.

# સુરતમાં યુટ્યૂબ પત્રકારની હત્યા, ૧૫-૧૬ વર્ષના લવરમૂછિયાઓએ ચપ્પુના ૩૪ ઘા મારી રહેંસી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



સુરત: શહેરમાં રવિવારની રાત્રે એક પત્રકારની હત્યા થઈ છે. શહેરના આંજણા વિસ્તારમાં મોડી રાત્રે ૧૫-૧૬ વર્ષના ૫-૬ લબરમૂછિયા કિશોરોએ ચપ્પુના ઉપરાછાપરી ૩૪ ઘા મારી ક્રુરતાપૂર્વક મોતને ઘાત ઉતાર્યો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા આંજણા વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે એક યુવકની હત્યા થઈ હતી. જે યુવકની હત્યા થઈ તે યુટ્યૂબ ચેનલનો પત્રકાર ઝૂબેર ઉર્ફે ઝૂબેર પ્રેસ હોવાની વિગતો બહાર આવી છે. ઝૂબેરની આંજણા વિસ્તારમાં આવેલી એચટીસી ટેક્સટાઈલ માર્કેટ પાસે ક્રુરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી.

પોલીસ તપાસમાં એવી વિગતો બહાર આવી છે કે ઝૂબેરને ત્રણેક મહિના પહેલાં તેના મહોલ્લામાં રહેતા કેટલાંક ટપોરીઓ વિરુદ્ધ પોલીસમાં અરજી કરી હતી. ટપોરીઓ સાથે આ મામલે તેને ઝઘડો થયો હતો. દરમિયાન તે લબરમૂછિયા ટપોરીઓએ રેકી કરાવી ગઈકાલે રાત્રે તેને એકલો ભાળી મારી નાંખ્યો હોવાની વિગતો સામે આવી છે. ટપોરીઓએ તિક્ષ્ણ હથિયારોથી ઝૂબેર પર હુમલો કર્યો હતો અને પાંચ-છ જણાએ ભેગા મળી ઉપરાછાપરી ૩૪થી વધુ ઘા ઝીંકીને ક્રુરતાપૂર્વક રહેંસી નાંખ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસીપી ગઢવીએ કહ્યું કે સીતારામ ચાની લારી ઉપર હત્યા થઈ છે. યુવકને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જો કે તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મરણ જનારે અગાઉ આરોપીઓ વિરુદ્ધ અરજી કરી હોવાની અંગત દાવતમાં સમગ્ર હત્યા કરી હોવાનો પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે. હાલ શકમંદોની તપાસ કરવામાં આવી રહી છે. હજુ કોઈને અટક કરવામાં આવી નથી.

# આપઘાત કરવા નીકળેલી સગર્ભાને ૧૮૧ અભયમની ટીમે કાઉન્સલિંગ કરી બચાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખઃ- ૨૮/૦૭/૨૦૨૪ ના રોજ એક સજ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ માં ફોન આવેલ કે એક મહિલા અહીંયા રસ્તામાં ઉભા છે અને ઘરેથી નીકળી ગયેલ છે તેવું જણાવે છે આપઘાત કરવાનું જણાવતા હોય માટે મદદની જરૂર છે

ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સેલર સેજલ પટેલ કોન્સ્ટેબલ જયશ્રીબેન પાયલોટ પ્રદીપભાઈ તે મહિલા સુધી પહોંચે ત્યારબાદ સૌ પ્રથમ મહિલા ને સાંત્વના આપી સરળતાપૂર્વક કાઉન્સલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમના આ બીજા લગ્નને એક વર્ષ થયેલ હોય તેમને હાલ ચાર મહિના નો ગર્ભ હોય તેવો તેમના પતિ ભેગા અલગ રહેતા હોય તેમના પતિ તેમને શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાથી તેઓ ઘરેથી નીકળી ગયેલ હોય અને આપઘાતના વિચારો કરતા હોય ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા મહિલાને આશ્વાસન આપવામાં આવેલ તેમજ આવી રીતે ક્યારેય પણ આપઘાત ન કરવા અને ઘરેથી ન નીકળવા માટે સલાહ સુચન માર્ગદર્શન કાયદાકીય માહિતી આપવામાં આવેલ ત્યારબાદ તેમના જણાવેલ સરનામે જઈ તેમના પતિ નું કાઉન્સિલિંગ કરતા તેમના પતિએ જણાવેલ કે તેવો તેમના પત્ની ભેગા અલગ રહેતા હોય તેમના પિતા ઓફ થઈ ગયેલ હોય તેમના માતા એકલા હોય તેમના પત્ની તેમને તેમની માતા પાસે જવાની ના પાડતા હોય અને જાય તો તેમની જોડે ઝઘડો કરતા હોય આવી નાની નાની બાબતે કાયમ ઝઘડો કરતા હોય અને આપઘાત કરવાની ધમકી આપતા હોય જેથી તેમની પત્નીને પણ સમજાવેલ કે હવે પછી તેઓ તેમના પતિને તેમની માતા પાસે જવાની ના નહીં પાડે અને તેમના પત્નીએ પણ જણાવેલ કે હવે પછી તેઓ તેમના પતિને તેમની માતા પાસે જવા દેશે તેમજ આપઘાત કરવાનું ક્યારેય પણ વિચારશે નહીં ત્યારબાદ મહિલાને તેમના પતિને સોંપેલ ટીમ દ્વારા તેમના પતિને જણાવેલ કે હવે પછી તેમની પત્નીનું ધ્યાન રાખે જેથી હવે પછી આવી રીતે ઘરેથી ના નીકળે મહિલાના પતિએ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

# રાજકોટના બે વૃધ્ધે જામનગરમાં કારમાં વિષપાન કર્યુઃ ગંભીર

## બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા બે ગાઢ મિત્રોએ કયા કારણોસર ઝેરી દવા પીધી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



જામનગર શહેરના શરૂ સેક્શન રોડ ઉપર રાજકોટના બાંધકામના બે વયોવૃધ્ધ ધંધાર્થી ગાઢ મિત્રોએ કારમાં જ ઝેરી દવા પી લેતાં ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બન્નેની હાલત ગંભીર છે અને આપઘાતની કોશિષ પાછળનું કારણ અંકબંધ છે.

રાજકોટમાં બાંધકામના ધંધા સાથે સંકળાયેલા અશોકભાઈ ભીખાભાઈ ધોકીયા (ઉ.વ.૫૦) અને પરબતભાઈ કાનાભાઈ ગોજીયા (ઉ.વ.૫૫) નામના વયોવૃધ્ધ મિત્રો સવારે સાડા દશેક વાગ્યે જામનગર આવ્યા હતાં. જે બાદ બન્ને મિત્રોએ કોઈ કારણોસર શહેરના શરૂ સેકશન રોડ ઉપર આવેલા સરલાબેન ત્રિવેદી આવાસ પાસે પોતાની કાર ઉભી રાખી હતી. બાદમાં બન્ને મિત્રો ઝેરી દવાની શીશીમાંથી ઝેરી દવા પીતા ત્યાંથી પસાર થતા કોઈ વ્યક્તિ જોઈ ગયા હતાં. લોકો એકઠા થઈ ગયા હતાં. બન્ને મિત્રોને સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ થતાં સીટી સી ડિવિઝનના પીએસઆઈ એન.પી.જોષી સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે અને હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતાં. જ્યાં બન્ને વયોવૃધ્ધ મિત્રોની બેશુધ્ધ હાલતમાં સારવાર ચાલી રહી છે. આ ઘટનાની બન્ને મિત્રોના પરિવારજનોને જાણ થતાં જામનગરમાં જ રહેતા એક વૃધ્ધના ભાઈ ચંદુભાઈ ધોકીયા હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતાં. બન્ને મિત્રોએ સજોડે ઝેરી દવા પી આત્મહત્યાની કોશિષમાં સાંજ સુધી કારણ સામે ન આવ્યું ન હતું અને પોલીસે પણ બન્ને મિત્રોમાંથી કોઈ એક મિત્ર ભાનમાં આવ્યા બાદ કારણ સામે આવી શકે છે. જેથી હાલતો બન્ને વયોવૃધ્ધ મિત્રોની હાલત ગંભીર હોવાનું પોલીસ જણાવી રહી છે.

# પ્ર.નગર પોલીસમાં ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બજેશકુમાર ઝાની સુચનાથી ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ પ્રજા અને પોલીસ વચ્ચે સમન્વય કેળવાઈ તે હેતુસર પ્રનગર પોલીસ સ્ટેશન ખાતે ''ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી'' કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં લોકોના વિવિધ પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા કાર્યક્રમમાં પોલીસની ત્રણ વાતો પૈકી બાળકો નાનપણથી ડ્રગ્સ તથા કેફી દ્રવ્યોના દુષણથી દૂર રહે તે માટે વાલીની સજાગતા બાબતે ચર્ચા, સાયબર ક્રાઈમનાં બનાવો ના બને તે માટે માર્ગદર્શન તથા ચોરીના બનાવો બનતા અટકે તે માટે ચર્ચા તથા બહાર ગામ જવાનું થાય ત્યારે કિંમતી વસ્તુ સુરક્ષિત જગ્યાએ રાખવી વગેરે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત લોકોની ત્રણ વાતોમાં સોસાયટીઓમાં સતત પોલીસ પેટ્રોલિંગ રાખવું, વ્યાજ વટાવની અરજીઓ પર તટસ્થ તપાસ થાય તથા ડાઈવર્ઝનનાં કારણે રેલનગર વિસ્તારમાં ટ્રાફિક બાબતે યોગ્ય કાર્યવાહી થાય તેની ચર્ચા કરાઇ હતી તથા મીનુ જસદણવાલા દ્વારા હાજર લોકોને ડ્રગ્સ અવરનેસ બાબતે કેસ સ્ટડી તથા ઉદાહરણ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# સરકારી જમીન વેચવાનું કૌભાંડઃ નાયબ મામલતદારના નામે બોગસ હુકમ બન્યા

## સાધુ વાસવાણી રોડ પર પ્લોટના બોગસ હુકમ અંગે કલેકટરે તપાસના આદેશ કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાધુ વાસવાણી રોડ નજીક યુએલસી ફાજલ ૧૫૦૦ ચોરસ મીટર જમીન ખાનગી આસામીને ફાળવી દેવાના કેસમાં નવો ફણગો ફૂટ્યો છે. કલેક્ટર કચેરીના યુએલસી શાખાના નાયબ મામલતદાર દ્વારા જમીન ફાળવણીનો બોગસ હુકમ કરવામાં આવ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. રૈયા ગામના રેવન્યુ સર્વે નંબર ૧૧૪ પૈકીની યુએલસી ફાજલ જમીનના પ્લોટ નંબર ૭.૮.૯ અને ૧૦ ના જમીનનો દસ્તાવેજ બનાવી નાખવામાં આવ્યો છે. મૂળ ખાતેદાર પાસેથી હસ્ત લિખિત દસ્તાવેજ બનાવી પ્રોપર્ટી કાર્ડમાં વારસાઈ એન્ટ્રી અને નોંધ પડાવી દીધા બાદ તાજેતરમાં દસ્તાવેજની નોંધણી કરવામાં આવી હતી. સરકારી જમીનનું વેચાણ થયું હોવાની વિગત કલેકટરના ધ્યાન ઉપર આવતા તેઓએ બે નોંધ રિવિઝનમાં લીધી છે. અને દસ્તાવેજ રદ કરવાનો હુકમ કર્યો છે. દરમિયાન આ કેસમાં કલેકટર કચેરીની યુએલસી શાખાના નામે જમીન ખરીદનારાઓને એવો દાખલો આપવામાં આવ્યો હતો કે, રૈયા ગામની સરવે નંબર ૧૧૪ પૈકીની સરકારી યુએલસી જમીન યુએલસી શાખાના રેકોર્ડમાં ખરાઈ કરતા પ્લોટ નંબર ૭થી ૧૦ યુએલસીમા સમાવેશ થતો નથી. સરકારી તંત્ર દ્વારા જેવી રીતે હુકમની બજવણી કરવામાં આવે છે એવી જરીતના સરકારી ટાઈપ અને નાયબ મામલતદારના નામે આવો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સરકારી તંત્ર દ્વારા આ હુકમની તપાસ કરવામાં આવતા આવો હુકમ જ કરવામાં ન આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ બાબતે જિલ્લા કલેકટર દ્વારા સરકારી કચેરીનો બોગસ લેટરપેડ અનેહુકમ બનાવવામાં આવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

# આઈસર ટ્રકના ચોરખાનામાં છુપાવી ગોવાથી રાજકોટ આવતો દારૂનો જથ્થો પકડાયો

## મોરબી એલસીબી ટીમે વાંકાનેર બાઉન્ડ્રી પાસે ઝડપી લઈ ચાલકની ધરપખડ કરી રૂા.૧૨.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**




આઇસર, વિદેશી દારૂ-બિયરનો જથ્થો, મોબાઈલ સહિત ૧૨.૭૮ લાખનો

મોરબી એલસીબી પોલીસ ટીમે વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકા નજીકથી પૂર્વ બાતમીને આધારે વોચ ગોઠવી આઇસરના ચોરખાનામાંથી ૬૭૩ નંગ વિદેશી દારૂ-બિયરની બોટલ તથા ટીનનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે આઈસર ચાલકની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં ગોવાથી આઇસરના ચોરખાનામાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરી આપનાર તથા રાજકોટમાં માલ મંગાવનાર આરોપીઓના નામ ખુલવા પામ્યા હતા. ત્યારે પોલીસે મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય આરોપીઓ સામે પ્રોહી. હેઠળ ગુનો નોંધી અન્ય આરોપીઓને પકડી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.મોરબી એલસીબી સ્ટાફ વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાનગીરાહે બાતમી મળેલ કે અમદાવાદ તરફથી આવતી આઇસર ગાડીમાં ચોરખાનું બનાવી તેમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાજકોટ લઈ જવાતો હોવાની બાતમીને આધારે વાંકાનેર બાઉન્ડ્રી ટોલનાકા નજીક આવેલ પોલિસ ચોકી સામે વોચમાં હોય ત્યારે ઉપરોક્ત મળેલ બાતમીવાળી આઇસર ગાડી રજી. જીજે-૨૩-એટી-૩૬૦૩ ત્યાંથી પસાર થતા તેને રોકી આઈસરના પાછળના ભાગમાં એકદમ ખાલી દેખાતી ગાડીમાં નટ-બોલ્ટ મારી પતરાની આડમાં બનાવેલ ચોરખાનામાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૨૫ બોટલ તથા કિંગફિશર બિયરના ૪૮ ટીન મળી કુલ કિ.રૂ. ૭૨,૫૧૦/- નો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે આઈસર ચાલક આરોપી મુળસીંગ પ્રભાતસીંગ રાઠોડ ઉવ.૪૨ રહે.કનોડા, રાજસ્થાનવાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે પકડાયેલ આઈસર ચાલકની પૂછતાછમાં ગોવાના કોચીંન રોડ ઉપરથી વિદેશી દારૂનો માલ ભરી આપનાર દયાનંદ ગોપાલ તથા રાજકોટ ખાતે માલ મંગાવનાર રાજુસીંગની પ્રાથમિક માહિતી આપતા તે બંને આરોપીને ફરાર દર્શાવી કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નિવૃત ફૌજીનો રખડતા ઢોરે ભોગ લીધાના મામલે મ્યુનિ. કમિશ્નર, મેયર અને સીપીને હાઈકોર્ટનું તેડુ

## ગાય અડફેટે ઘવાયેલા નિવૃત આર્મીમેનનું મોત નિપજયા બાદ ઢોર માલીક દંડ ભરીને છુટી જતા નવેસરથી કેસ દાખલ કરવા રીટ કરાઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટનાં ભોમેશ્વર વિસ્તારમાં ૧૦ મહિના પૂર્વે નિવૃત્ત ફૌજીનો ભોગ લીધાની ઘટનામાં રાજકોટ પોલીસે મૃતકના પરિવારજનોની ફરિયાદ લેવાને બદલે બારોબર કાર્યવાહી કરી આ ઘટનામાં ઢોર માલિક દંડ ભરીને છુટી ગયો હોય જેથી હવે મૃતક ફૌજીના પુત્રએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને આ મામલે તત્કાલીન મ્યુનિ.કમિશ્નર, મેયર અને પોલીસ કમિશ્નર સામે નવેસરથી શાપરાધ મન્યુવધનો ગુનો નોંધવા કરેલી રીટને ધ્યાને લઈ હાઈકોર્ટે આગામી તા.૨ ઓગસ્ટે સુનાવણી હાથ ધરી છે અને આ મામલે જવાબદાર અધિકારીઓને હાજર રહેવા નોટિસ પણ ઈસ્યુ કરી છે.

જામનગર રોડ પર પરસાણાનગર શેરી નં.૧૬માં રહેતા નિવૃત્ત આર્મીમન નવલસિંહ ઉર્ફે નવુભા ધીરૂભા ઝાલા ગત તા.૧૬- ૧૨- ૨૦૨૨ના રોજ પોતા પૌત્રીને સ્કૂલેથી તેડીને આવતાં હતાં ત્યારે ભોમેશ્વરમાં રખડતા ઢોરે તેમને ઢીંક ચડાવતા ગંભીર ઈજા થઈ હતી. તેમને પ્રથમ રાજકોટની ખાનગી હોસ્પિટલ ત્યારબાદ ૨૪-૧-૨૦૨૩નાં રોજ મુંબઈની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેમની તબિયતમાં કોઈ સુધારો ન થતાં ૪-૮- ૨૦૨૩નાં રોજ તેમને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ગત તા.૮-૯-૨૦૨૩નાં રોજ તેમનું અવસાન થયું હતું. બીજી તરફ આ મામલે જે તે વખતે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર, મ્યુનિ.કમિશ્નર સહિતનાં જવાબદાર અધિકારીઓને આ બાબતે જાણ કરવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતાં. આ ઘટનામાં મહાનગરપાલિકાના વેટરનીટી ડો.ભાવેશ જાકાસણીયા ફરિયાદી બન્યા હતાં. અને ઢોર માલિક સામે ગુનો નોંધાયો હતો. જેમાં ઢોરના માલિક ભરત છેલાભાઈ શિયાળીયા સામે લોક અદાલતમાં કેસ ચાલી જતાં ગત ૧૩ મે-૨૦૨૩ના રોજ ઢોર માલિક ભરત શિયાળીયા ૧૩૦૦ રૂપિયાનો દંડ ભરીને છૂટી ગયો હતો.

આ મામલે મૃતકના પુત્ર સુખદેવસિંહ ઝાલા દ્વારા હાઈકોર્ટમાં અરજી કરી તેમના પિતાનો રખડતાં ઢોરે ભોગ લીધો હોય જે મામલે મહાનગરપાલિકાના તત્કાલીન મ્યુનિ.કમિશનર, પોલીસ કમિશનર, મેયર તેમજ જવાબદાર અધિકારીઓ સામે મન્યુવધ હેઠળ નવેસરથી કેસ દાખલ કરવા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હોય જેમાં હાઈકોર્ટે બે ઓગસ્ટે ૨૦૨૪ની તારીખ નક્કી કરી છે. આ મામલે હાઈકોર્ટમાં મૃતક આર્મીમેનના પત્ની જસુબા નવુભા ઝાલાની અરજી સંદર્ભે તાત્કાલીક કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે. અરજીમાં જણાવ્યું છે કે લાપરવાહીથી મૃત્યુ થયા છતાં પોલીસ અને મહાનગરપાલિકાના મેયર, મ્યુનિ.કમિશનર સહિતના અધિકારીઓએ ગુનાહિત બેદરકારી દાખવી હોય આ મામલે શાપરાધ મન્યુવધની કલમને જોડી કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. જે તે વખતે મુંબઈની હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત આર્મીમેન નવુભા ઝાલા સારવારમાં હોય અને તે બેભાન અવસ્થામાં હોય ત્યારે આ મામલે મુંબઈની વરસોવા પોલીસે રાજકોટ પોલીસને જાણ કર્યા છતાં રાજકોટ પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **ડો.ઝલક માધવભાઈ ઉપાધ્યાય** જાહેર કરું છું કે લગ્ન પહેલા મારૂ નામ **શાહ ઝલક કાર્નિક** હતું. જે લગ્ન બાદ **ડો.ઝલક માધવભાઈ ઉપાધ્યાય** છે. હવેથી હું **ડો.ઝલક માધવભાઈ ઉપાધ્યાય**ના નામથી ઓળખાઇશ.

એડ્રેસઃ-શિવરંજની,નિરંજની સોસાયટી, રૈયા રોડ, રાજકોટ.
તા. ૩૦-૦૭-૨૦૨૪

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ફિલ્મ 'દ્રશ્યમ' જેવી હત્યાનો ભેદ ઉકેલતી મોરબી પોલીસ

## અપહરણ અને હત્યા કેસમાં સજા ભોગવી ચૂકેલા જીતુ ગજીયાએ તેના મિત્ર જીતેન્દ્ર કૈલાની હત્યા કરી દ્રશ્યમ ફિલ્મની જેમ છેલ્લા ૨૦ દિવસથી પોલીસને ગેરમાર્ગે દોરતો હતોઃ આખરે પોલીસે ભાંડો ફોડીને દાટી દીધેલો મૃતદેહ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબીઃ** મોરબી માં દષ્યમ ફિલ્મ જેવી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં આ ફિલ્મ માં પોલીસ આરોપી અને મૃતક સત્ય પાત્રો છે. મોરબી પોલીસ દ્વારા કરવામાં આવેલ કામગીરી ની જેમાં એક માસથી ગુમ યુવક ની હત્યા થયાનો પદોફાશ કર્યો છે અને મૃતદેહ શોધી કાઢ્યો છે તેમજ આરોપી ને પણ દબોચી લેવામાં આવ્યો છે

ગત તા.૨૦ જુનના રોજ ગુમ થયેલ જીતેન્દ્ર કૈલા નામના યુવકની જે ગુમ થયાની હળવદ પોલીસ મથકમાં તેના ભાઈ દ્વારા ગુમશુદા નોંધ કરાવવામાં આવી હતી સમય જતા આ ગુમ થયાનો બનાવ મોરબી શહેર એ ડિવિઝન વિસ્તાર નો હોય અરજી મોરબી ટ્રાન્સફર કરવામાં આવી અને બાદમાં આ તપાસ માં પરિવારજનો દ્વારા પોલીસને યુવકની હત્યા ની શંકા વ્યક્ત કરી હતી.જેના પગલે મોરબી ક્રાઇમ બ્રાન્ચ થી લઇ મોરબી એ ડિવિઝન પોલીસ ની ટીમ આ કોકડું ઉકેલવા કામે લાગી ગઈ હતી આ ઘટનામાં પરિવારજનો દ્વારા તેના અંગત મિત્ર જીતેન્દ્ર આયદાનભાઈ ગજીયા પર શંકા ની સોય તાકવામાં આવી હતી જેના પગલે એ ડિવિઝન પીઆઈ એચ. એ.જાડેજા અને ઈનચાર્જ ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.પી.પંડ્યા ની ટીમ પણ ખડેપગે રહી આ યુવકની હત્યા થઈ છે કે અપહરણ તેના આધારે તપાસ હાથ ધરતા મોરબી એસપી રાહુલ ત્રિપાઠી સુધી આ ઘટના ની જાણ થતાં એસપી રાહુલ ત્રિપાઠી દ્વારા પણ આ બનાવમાં અપહરણ ની કલમો હેઠળ ગુનો નોંધવા આદેશ આપ્યા હતા આ બાદ મૃતક યુવક જીતેન્દ્ર કૈલાના ભાઈએ જીતેન્દ્ર ગજીયા નામના વ્યક્તિ વિરૂદ્ધ નામજોગ અપહરણ ની ફરિયાદ નોંધાવી હતી બાદમાં પોલીસને કામગીરી કરવાની પ્રથમ મોકો મળ્યો હતો અને શંકાસ્પદ અને શાતિર આરોપી જીતેન્દ્ર ગજિયા ને કસ્ટડી માં લઇને પૂછપરછ કરવાનો માર્ગ મોકળો થયો હતો.





મૃતક જીતેન્દ્ર કૈલા







### આરોપીએ અગાઉ રાજકોટ જિલ્લાના જેતપુરમાં પણ ડોકટરના દીકરાનું અપહરણ કરી હત્યા કરી હતી

આ હત્યા માં પકડાયેલ આરોપી જીતેન્દ્ર ગજીયા અગાઉ પણ જેતપુર માં ડોકટર ના પુત્રના અપહરણ અને હત્યાના ગુનામાં આજીવન કેદ ની સજા ભોગવી રહ્યો છે.જેમાં ડોકટરના પુત્ર ની હત્યા કરી ડીવાયએસપી ના મકાન ના ટાંકા માં મૃતદેહ ને નાખી દિધો હતો અને આ હત્યાકાંડ કેસ એ પણ સૌરાષ્ટ્ર માં ચકચારી જગાવી હતી જો કે આ કેસમાં તેને આજીવન કેદની સ્જા પડી છે અને આરોપી બાર વર્ષ જેલમાં રહ્યા બાદ હાલ આરોપી જીતેન્દ્ર ગજીયા જામીન પર બહાર હતો ત્યારે બીજો ગુનો આચર્યો છે આરોપીએ ગુનાને દ્રશ્યમ ફિલ્મ ની જેમ સ્ક્રિપ્ટેડ રીતે અંજામ આપ્યો છે જો કે મૃતક જીતેન્દ્ર કૈલા ના પરિવારજનો ને શંકા પડતા પોલીસને સમગ્ર હકિક્ત જણાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી હાલ મોરબી પોલીસે આ ચકચારી મચાવનારા હત્યાકાંડ ને પર્દાફાશ કરી ફિલ્મ અને રિયલ લાઇફ વચ્ચે મોટી ભેદરેખા છે એ સાબિત કરી દીધું છે.સાથે સાથે મૃતકના પરિજનોને પણ મોરબી પોલીસનો આભાર માન્યો છે.

### પોલીસે સીસીટીવી ફૂટેજ જોતા હત્યા થઈ હોવાની શંકા પ્રબળ બની

આ મામલે પોલીસે આરોપી ની દુકાન વાળા કોમ્પ્લેક્ષ માં નીચેની દુકાને લાગેલ ઈઈઝટ ચેક કરતા ગુમ થયેલ યુવક છેલ્લે બીજા માળે આવેલ આરોપીની દુકાન તરફ જતો દેખાય છે.તેના થોડા સમય બાદ આરોપી નીચે આવે છે અને નીચે આવેલ પાણી ના પરબ થી પાણી ભરીને ઉપર જાય છે બાદમાં ફરીથી આરોપી નીચે આવે છે અને ગુમ થયેલ યુવકના બાઈક પર રાખેલ હેલ્મેટ લઇને ઉપર પોતાની દુકાનમાં જાય છે જે બાદ થોડો સમય વિતે છે ત્યારે ગુમ થયેલ યુવક જીતેન્દ્ર કૈલા એ જે કપડા પહેર્યા હતા એવા કપડા પહેરી અને હેલ્મેટ પહેરી એક વ્યક્તિ નીચે ઉતરે છે અને મૃતક યુવકનું બાઈક લઈને નીકળી જાય છે.પરંતુ પોલીસે ગુમ થયેલ યુવક જ્યારે ઉપર જાય છે અને તેવા જ કપડા પહેરીને જે યુવક નીચે ઉતરે છે બન્ને ની બોડી લેન્ગવેજ અને ઊંચાઈ તેમજ શારીરિક બાંધામાં ફેરફાર જણાય છે અને શંકાની સોય

જીતેન્દ્ર ગજીયા તરફ જાય છે જે બાદમાં પોલીસે ગુમ યુવક જેવા કપડાં પહેરી નીકળેલ યુવક અને જીતેન્દ્ર ગજીયા ની સરખામણી કરતા બન્ને સરખા જનાઈ આવે છે એટલે આરોપી મૃતક યુવકના કપડા પહેરી નીકળ્યો અને મૃતકનું બાઈક લઇને નીકળ્યો હોવાની શંકા દ્રઢ બને છે.સાથે જ મૃતકનું બાઈક અને કપડા હળવદ મોરબી રોડ પર રેઢું મળી આવે છે તેમજ આ બધો સામાન રેઢો મૂકીને અન્ય પેસેન્જર વાહનો મારફતે આરોપી ફરીથી પોતાની દુકાને પહોંચે છે ત્યારે પણ પોલીસ ચોંકી જાય છે કેમ કે આરોપી ઉપરથી ઊતરતો દેખાતો નથી અને હવે ચડતો દેખાય છે એટલે પોલીસને નક્કી થયું કે આરોપીએ જીતેન્દ્ર કૈલા ના કપડા પહેરી ને તરકટ રચ્યું હતું થોડી વાર માં આરોપી પોતાની સ્કોર્પિયો કારમાં મોટું બોક્ષ મૂકે છે અને ત્યાંથી નીકળી જાય છે.પરંતુ દેખીતી રીતે મૃતદેહ કે કશું દેખાઈ આવતું નથી એટલે પોલીસને શંકા તો હતી પણ હત્યા થઈ હોવાનો ઠોસ પુરાવો નહોતો મળતો આ દિવસ દરમિયાન સતત પોલીસ આરોપી ની પૂછપરછ કરતી હતી અને આરોપી પર વોચ રાખવામાં આવતી હતી .બાદમાં પરિવારજનોએ આ મામલે આરોપી વિરૂદ્ધ અપહરણ ની ફરિયાદ નોંધાવી અને પોલીસને મોકો મળ્યો આરોપીને કસ્ટડી માં લેવા નો જે બાદ પોલીસે અપહરણ ના કેસમાં આરોપીના ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા અને પૂછપરછ શરૂ કરી પૂછપરછ દરમિયાન પણ આરોપી જીતેન્દ્ર ગજીયા પોલીસને રોજ અલગ અલગ વાત કરતો હતો ક્યારેક કહેતો કે લાશ ને માણેકવાડા ગામે સ્મશાનમાં સળગાવી દીધી છે ત્યાં પોલીસે તપાસ કરી તો કશું મળ્યું નહી બાદમાં આકરી પૂછપરછ કરતા અંતે તેને હત્યા કર્યાની કબૂલાત આપી લાશને જ્યા દાટી હતી તે માણેકવાડા ગામ થી બે કિલોમીટર દૂર આવેલ જગ્યાએ લઇ ગયો અને પોલીસે ખેતર અને રોડ ની વચ્ચે પાણી નિકાલ માટે બનાવવામાં આવેલ કાચી નહેર માં ત્રણથી ચાર ફૂટ ખોદીને તપાસ કરતા બોક્ષમાં પેક કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો અને સાથે જ પોલીસે ગુમ યુવક ના પરિવારજનોને પણ લાઈ ગઈ હતી જેને મૃતદેહ પર ની વસ્તુઓ પરથી આ મૃતદેહ જીતેન્દ્ર રમેશભાઈ કૈલા નો હોવાનું ઓળખી બતાવ્યું હતું .

# ડીએમએલટીના વિદ્યાર્થીઓને રીઝલ્ટમાં થયેલા અન્યાય બાબતે એનએસયુઆઈ મેદાનેઃ કુલપતિને આવેદન આપ્યું







(તસ્વીરઃ આનંદ જાવિયા)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ।રા આ વર્ષે ડીએમએલટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાઈ હતી. જેનું રીઝલ્ટ થોડા સમય પહેલા બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ૯૦ ટકા વિદ્યાર્થીઓને નાપાસ કરવામાં આવ્યા છે. જ્યારે પ્રેક્ટીકલમાં મોટાભાગના વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેને લઈ એનએસયુઆઈએ કુલપતીને આવેદન આપી ફરીથી પેપર ચેક કરવા જણાવ્યું છે તેમજ શક્ય હોય તો ગ્રેસીંગ માર્કસ આપવા પણ જણાવ્યું છે.

## મનપાનો સ્માર્ટ ટોઈલેટ પ્રોજેક્ટ અભેરાઈએ...

સ્માર્ટ અને રંગીલા રાજકોટમાં મનપા તંત્ર અને શાસકો દ્વારા નવા વિકાસકામોના પ્રોજેક્ટનું ઉત્સાહભેર લોકાર્પણ કરવામાં આવે છે. ત્યારબાદ આ પ્રોજેક્ટ શહેરીજનો માટે કેટલો લાભદાયી અને ઉપયોગી બન્યો તે વાતની ચિંતા કરવાનું શાસકો ।રા ભુલી જવામાં આવે છે. આવા જ એક મનપા ।રા થોડા વર્ષો પહેલા શહેરમાં રેલવે સ્ટેશન સહિત અનેક જગ્યાએ સ્માર્ટ ટોયલેટ પ્રોજેક્ટ શહેરજનો માટે ખુલ્લો મૂકાયો હતો. એક થી બે વર્ષ આ સ્માર્ટ ટોયલેટ પ્રોજેક્ટ બરાબર ચાલ્યા બાદ હાલ તેના શું હાલહવાલ છે. તે પૂછવાની તસ્દી તંત્રએ લીધી નથી. જેના પરિણામે હાલ આ પ્રોજેક્ટ અભેરાઈએ ચડી ધૂળ ખાઈ રહ્યો છે.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

## કેરળના વાયનાડમાં ભૂસ્ખલનને કારણે ૫૪ના મોતઃ ૪૦૦ ગુમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેરળના વાયનાડમાં ભારે વરસાદને કારણે સોમવારે મોડી રાત્રે ૪ અલગ-અલગ જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. જેમાં ૪ ગામ ધોવાઈ ગયા હતા. મકાન, પુલ, રસ્તા અને વાહનો પણ ધોવાઈ ગયા હતા. અત્યાર સુધીમાં ૫૪ લોકોનાં મોત થયા છે. ૭૦ હોસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૪૦૦થી વધુ લોકો ગુમ છે. આ ઘટના મોડી રાત્રે ૨ વાગ્યે બની હતી.



SDRF અને NDRFની ટીમ બચાવકાર્ય માટે સ્થળ પર હાજર છે. કન્નુરથી સેનાના ૨૨૫ જવાનોને વાયનાડ મોકલવામાં આવ્યા છે. આમાં મેડિકલ ટીમ પણ સામેલ છે. આ સિવાય એરફોર્સનાં બે હેલિકોપ્ટર પણ બચાવકાર્ય માટે મોકલવામાં આવ્યા હતા. પરંતુ ભારે વરસાદના કારણે તેમને પાછું ફરવું પડ્યું છે.

વાયનાડનાં ૪ ગામોમાં ભૂસ્ખલન થયું છે - મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપુઝા. પાંચ વર્ષ પહેલાં ૨૦૧૯માં આ જ ગામોમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં ૧૭ લોકોના મોત થયા હતા. ૫ લોકો આજદિન સુધી મળ્યા નથી. ૫૨ મકાનો ધરાશાયી થયાં હતાં.

વાયનાડ ઉપરાંત હવામાન વિભાગે આજે કોઝિકોડ, મલપ્પુરમ અને કાસરગોડમાં પણ વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે આજે પણ અહીં ભારે વરસાદની સંભાવના છે. વાયનાડ દુર્ઘટનાના બચાવકાર્યમાં મુશ્કેલી આવી શકે છે.

વાયનાડ ભૂસ્ખલન બાદ આરોગ્ય વિભાગે કંટ્રોલરૂમ બનાવ્યો છે. કટોકટીની આરોગ્ય સેવાઓ માટે બે હેલ્પલાઇન નંબર ૮૦૮૬૦૧૦૮૩૩ અને ૯૬૫૬૯૩૮૬૮૯ પણ જાહેર કર્યા. કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે કહ્યું કે વૈથીરી, કાલાપટ્ટા, મેપ્પડી અને માનંતવડી હોસ્પિટલો એલર્ટ પર છે.

અહીં ભારે વરસાદને કારણે કોઝિકોડ જિલ્લાનાં તમામ પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓને જવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ સિવાય તમામ ગ્રેનાઈટ ક્વોરીને અસ્થાયી ધોરણે બંધ રાખવા માટે કહેવામાં આવ્યું છે.

## ઝારખંડના જમશેદપુરમાં માલગાડી સાથે હાવડા-મુંબઈ મેઈલ અથડાતા બેના મોત, ૧૮ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

**મુખ્ય સમાચાર, જમશેદપુર**

ઝારખંડના જમશેદપુરમાં મંગળવારે સવારે ૩.૪૩ વાગ્યે મુંબઈ-હાવડા મેલ (૧૨૮૧૦)ના પાંચ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. પાટા પરથી ઊતરી ગયેલા ડબ્બા બાજુના ટ્રેક પર ઉભેલી માલગાડી સાથે અથડાયા હતા. ટ્રેનના ૧૮ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે.



મળતી માહિતી મુજબ માલગાડીનો એક ડબ્બો પહેલેથી જ પાટા પરથી ઉતરી ગયો હતો. બીજા ટ્રેક પર આવી રહેલી મુંબઈ-હાવડા મેલના ડબ્બા પણ પાટા પરથી ઊતરી જતા માલગાડી સાથે અથડાયા હતા. મુંબઈ-હાવડા ટ્રેનના ૧૮ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા.

આ અકસ્માત રાજખારસવાન અને બડામ્બો વચ્ચે થયો હતો. ઘાયલોને ચક્રધરપુરની રેલવે હોસ્પિટલમાં લાવવામાં આવી રહ્યા છે. રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.

ચક્રધરપુર રેલવે ડિવિઝનના વરિષ્ઠ ડીસીએમ આદિત્ય કુમાર ચૌધરીએ જણાવ્યું કે રાહત ટ્રેન અને જિલ્લા વહીવટીતંત્રની તમામ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

# રાજકોટના વિકાસ પથની દુર્દશાથી 'વિકાસ' ખોરંભે પડયા જેવી સ્થિતિ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના કાલાવડ રોડને ભાજપી સત્તાધીશો દ્વારા વિકાસ પથ જેવું રૂપકડું નામ આપીને વિકાસની દુહાઈ આપવામાં આવી રહી છે.પરંતુ, સામાન્ય વરસાદથી વિકાસ પથ પર ઠેર-ઠેર મસમોટા ભષ્ટ્રાચારની પોલ ખોલતા ખાડા પડી ગયા છે.આ રોડ પર રોજ પસાર થતાં હજારો વાહનચાલકો આ ખાડાની ત્રાસદીનો ભોગ બનીને નુકસાન વેઠી રહ્યાં છે.ત્યારે અગ્નિકાંડમાં દાઝી ગયેલું રાજકોટ મહાનગરપાલિકાના આળસુ બની ગયેલા સત્તાધીશો સબ સલામત હોવાની આલબેલ પોકારીને વિકાસના ગાણાં ગાઈ રહ્યા છે.શહેરના વિકાસ પથની આવી દુર્દશાં છે તો શહેરના અન્ય માર્ગોની શું હાલત હશે તે તો રામ ભરોસે જ હશે.